**હઝરત મસીહ મૌઉદ (અ.સ.) એ ફરમાવ્યું હતુ કે ઈસ્લામનો પરિચય કરાવવો હોય તો મસ્જીદ બનાવો લોકોનું ધ્યાન કેન્દ્રીત થશે. આ વાત સારી રીતે પૂર્ણ થતા આપણે જોઈ રહ્યા છીએ અને જ્યારે ઈન્સાન જુએ છે કે કેવી રીતે લોકોની કાયા બદલાઈ છે તો હેરાની થાય છે**

*ખુલાસા ખુત્બા જુમ્મા સૈયદના હઝરત અકદસ અમિરૂલ મોમિનીન ખલીફતુલ મસીહ અલ ખામિસ ઐયદહુલ્લાહ તઆલા બિનસરિહિલ અઝીઝ, તા. ૨૭- નવેમ્બર ૨૦૧૫, સ્થળ : મસ્જીદ બૈતુલ ફુતુહ - લંડન*

તશહુદ તઆઉઝ અને સુરેહ ફાતેહાની તિલાવત બાદ હઝુર અનવર ઐયદહુલ્લાહ તઆલા બિનસરિહિલ અઝીઝ એ ફરમાવ્યુ.

જેવુ કે આપ સૌ જાણો છો કે પાછલા દિવસોમાં હું જાપાનમાં મસ્જીદના ઉદ્‌ઘાટન માટે ગયો હતો જો આપણે ત્યાં જોઈએ તો ખુબજ મુશ્કેલ હતુ કે ત્યાં મસ્જીદ બની શકે. આપણા જે જાપાની વકિલ હતા મને મળ્યા અને કહેવા લાગ્યા કે મસ્જીદની કાર્યવાહી પૂર્ણ થવી આપને મુબારક થાય પરંતુ હું હજુ પણ વિચારુ છુ અને હેરાન થાઉ છુ અને વિશ્વાસ નથી થતો કે આપને આ વિસ્તારમાં મસ્જીદ બનાવવાની પરવાનગી મળી ગઈ. કહેવા લાગ્યા કે હું આપની માટે કેસ તો લડી રહ્યા હતો પરંતુ મને આશા ન હતી કે કોઈ કામીયાબી મળે માટે એકવાર મે જમાઅતની વ્યવસ્થાકર્તાને કહ્યું કે આ મામલાને છોડી દો તો સારૂ રહેશે પરંતુ જમાઅતના લોકોનો ભરોસો પણ આશ્ચર્યજનક છે તેમણે કહ્યું કે તમે પ્રયત્ન કરો આ જગ્યા આપણને ઈન્શા અલ્લાહ મળશે અને મસ્જીદ પણ બનશે કહેવા લાગ્યા આજે આ જે મસ્જીદ છે તે મારા માટે તો ખરેખર એક આશ્ચર્યની વાત છે અને નિશાન છે તો આમ અલ્લાહતઆલાનો ફઝલ છે જે પ્રત્યેક અવસરે જમાઅત પર ફરમાવે છે અને આપણા ઈમાનોને વધારે છે. દરેક કાર્યો માટે અલ્લાહતઆલાએ સમય રાખેલ છે અને જ્યારે તે સમય આવે છે તો અલ્લાહતઆલાના ફઝલથી તે કાર્ય થઈ જાય છે જ્યારે અલ્લાહતઆલાએ ચાહ્યું કે આ મસ્જીદ બને તો તમામ રૂકાવટો હોવા છતાં પણ મસ્જીદ બનાવવાની અલ્લાહતઆલાએ આપણને તોફિક આપી અને ઈસ્લામનો પૈંગામ આ દેશમાં ફૈલાવવા માટે પ્રથમ કેન્દ્ર કાયમ થયુ. નિઃસંદેહ કે માત્ર એક કેન્દ્ર અથવા મસ્જીદ સમગ્ર દેશમાં ઈસ્લામની તાલીમ ફૈલાવવાના મકસદને પૂરો નથી કરી શકતો પરંતુ આ વાત હકીકત છે કે તેની સાથે જાપાનમાં ઈસ્લામનો વાસ્તવીક પૈંગામ પહોંચાડવાની બુનિયાદ નાંખી દીધી છે. હું અમુક લોકોના પ્રભાવ પણ બયાન કરીશ જેનાથી માલુમ થશે કે જાપાનીઓએ જમાઅત અહેમદીયા દ્વારા જણાવેલ વાસ્તવિક ઈસ્લામની તાલીમને કેવી રીતે જોયું અને આ થવું હતુ કેમકે આંહઝરત (સ.અ.વ.) ના સાચા ગુલામ દ્વારા જ આ મુકદ્દર હતુ. હઝરત મસીહ મૌઉદ (અ.સ.) એ જે રીતે દુનિયાના બીજા દેશોમાં ઈસ્લામનો વાસ્તવિક પૈંગામ પહોંચાડવાની તડપને જાહેર કરી અને પ્રયત્નો પણ કર્યા અને જાપાન વિશે પણ ફરમાવ્યું કે જાપાનીઓ માટે એક પુસ્તક લખવામાં આવે અને કોઈ સરળ અને સુંદર ભાંષાતર કરનાર જાપાનીને એક હજાર રૂપિયા આપીને અનુવાદ કરાવવામાં આવે અને પછી જાપાનમાં તેને દશ હજારની સંખ્યામાં પ્રકાશિત કરવામાં આવે. આપે ફરમાવ્યું કે જાપાનમાં નેક સ્વભાવ લોકો એહમદીયત કબૂલ કરશે. અલ્હમદો લિલ્લાહ કે આજે કુરઆન શરીફના અનુવાદ સમેત હજારોની સંખ્યામાં જમાઅત તરફથી જાપાનીઓ માટે તેમની ભાષામાં પત્રિકાઓ તૈયાર થઈ રહી છે અને હવે તો આ મસ્જીદની સાથે અલ્લાહતઆલાએ હઝરત મસીહ મૌઉદ (અ.સ.) ની ખ્વાહિશ પૂર્ણ કરવા માટે એવા દરવાજા ખોલ્યા છે કે કરોડો સુધી ઈસ્લામનો પૈંગામ પહોંચી રહ્યો છે. જેવુ કે મેં કહ્યું કે લોકોના પ્રભાવ પૈશ કરીશ

જેનાથી લોકોની ઈસ્લામ વિશે વિચાર બદલાઈ ગયો છે. પહેલાં બીજો વિચાર હતો અને હવે સારો વિચાર થઈ ગયો છે અને તેમણએ કહ્યું કે મસ્જીદના ઉદ્‌ઘાટનમાં આવીને અમને ઈસ્લામની તાલીમની માલૂમાત થઈ અને ઈસ્લામ વિશે અમારી જે ખોટી ધારણા હતી તે દુર થઈ ગઈ છે. હઝરત મસીહ મૌઉદ (અ.સ.) એ ફરમાવ્યું હતુ કે ઈસ્લામનો પરિચય કરાવવો હોય તો મસ્જીદ બનાવો લોકોનું ધ્યાન કેન્દ્રીત થશે આ વાત સારી રીતે પૂર્ણ થતા આપણે જોઈ રહ્યા છે અને જ્યારે ઈન્સાન જુએ છે કે કેવી રીતે લોકોની કાયા બદલાઈ છે તો હેરાની થાય છે જુમ્માના રોજ જાપાની મહેમાનો મસ્જીદમાં આવ્યા હતા પહેલા ઉદ્‌ઘાટનની પ્રક્રિયા શરૂ થઈ બહાર ઉભેલા લોકો અંદર આવીને મસ્જીદમાં બેસી ગયા અને ભાષણ પણ સાંભળ્યું અને અમને નમાઝ પઢતા પણ જોયા લગભગ પચ્ચાસ જાપાની મહેમાન હતા જેમણે ભાષણ સાંભળ્યું જેમાં ધાર્મિક લોકો સમેત તે વિસ્તારના મેમ્બર ઓફ પાર્લમિન્ટ, પ્રોફેસર તથા બીજા રાજ્યના લોકો હાજર હતા તે લોકોના અભિપ્રાય બયાન કરૂ છું.

એક સાહેબ છે ઓસામુ જે Church of Jesus Christ ના ડાયરેકટર ઓફ પબ્લિક અફેરઝ છે તેઓ કહે છે કે અમને આશા છે કે આ મસ્જીદ જાપાનીઓ અને ઈસ્લામ વચ્ચે એક પુલનો અભિનય કરશે.

પછી એક મહેમાન જેમનું નામ તાઈજોન સાતો છે કહે છે કે એક બુદ્ધિસ્ટ તરીકે મસ્જીદમાં દાખલ થઈને ખુબ સારૂ લાગ્યું અમારો ખ્યાલ હતો કે ગેર મુસ્લીમ અને બુદ્ધિસ્ટ તરીકે મસ્જીદમાં દાખલ થવુ મનાઈ છે પરંતુ ન માત્ર એકે અમારૂ સારી રીતે સ્વાગત કર્યુ બલ્કે નમાઝ અને ભાષણમાં સામેલ થઈને અમને ખુબ ખુશી થઈ ઈસ્લામ વિશે અમારો પ્રભાવ બદલાઈ ગયો.

સીટી પાર્લમિન્ટના મેમ્બર કહે છે કે અમે અમારા વિસ્તારમાં મસ્જીદના નિર્માણનો સ્વાગત કરીએ છીએ અમને આશા છે કે જમાઅત અહેમદીયા ના નિશ્ચય અનુસાર આ મસ્જીદ ઈન્સાનીયથી પ્રેમ કરનાર અને માનવજાતિની સેવા પર વિશ્વાસ રાખનાર લોકોનુ કેન્દ્ર બનશે.

પછી Ishinomaki સીટીના મેમ્બર ઓફ પાર્લમિન્ટ છે એક હજાર કિલોમીટરની મુસાફરી કરીને મસ્જીદના સમોરોહમાં સામેલ થવા માટે આવ્યા હતા કહે છે કે આ સુંદર મસ્જીદ જોઈને મારી મુસાફરીની બધી થાક દુર થઈ ગઈ તેમણે કહ્યું કે જમાઅત અહેમદીયા જાપાનમાં ભુંકપના સમયે સેવા દ્વારા જે સુપ્રસિદ્ધિ મેળવી છે આશા છે કે આ મસ્જીદ સુપ્રસિદ્ધિને વધારનાર બનાવશે.

પછી Aichi એજ્યુકેશનલ યુનિવર્સીટીના પ્રોફેસર છે Minesaki Hiroko સાહેબ કહે છે કે જાપાનમાં જમાઅત અહેમદીયાની મસ્જીદ ના નિર્માણની ખુબ જરૂર હતી દુનિયામાં ઈસ્લામનો સુંદર ચહેરો બતાવવા માટે જમાઅત અહેમદીયાનો અભિનય ખુબ સારો છે અમે આશા રાખીયે છીએ કે આ મસ્જીદથી જમાઅતનો અધિક પરિચય થશે અને દુનિયામાં વાસ્તવિક અમન શાંતિ ફેલાશે.

શનિવારની સાંજે ત્યાં એક રિસેપ્શન પણ હતુ મસ્જીદના હવાલાથી મસ્જીદની સહેનમાં જ. આ પ્રોગ્રામમાં પણ લગભગ ૧૦૯ જાપાની મહેમાન અને આઠ બીજા દેશોના મહેમાનો સામેલ થયા હતા. તે મહેમાનોમાં પ્રેસિડેન્ટ એ.એમ.એ. સીટી ઈન્ટરનેશનલ એસોસિયેશન મેમ્બરો પાર્લમિન્ટ સીટી મેમ્બરો પાર્લમિન્ટ, ડાયરેકટર ઓફ ઈન્ટરનેશનલ ટુરાઝિયમ, પ્રેસિડેન્ટ પ્રેસ્ટ ઓફ સોટો ટેમ્પલ, પ્રોફેસરસ, ડોકટર્સ, શિક્ષકો, વકિલો અને બીજા વિભાગના લોકો સામેલ થયા હતા.

એક બુદ્ધપ્રિસ્ટ કહે છે જે આમાં સામેલ થયા કે ઈમામ જમાઅત અહેમદીયાનું આગમન ખુબ સારા સમયમાં થયો જ્યારે કે અમે પ્રેસમાં આંતકવાદ પછી એક લડાઈની કૈફિયતમાં પરોવાયેલા હતા. કહે છે કે જે સુંદર અને આસાન રીતે તેમણે વાત કરી અને ઈસ્લામની પ્રસંશા કરી જેનાથી તે લડાઈની કૈફિયત જે અમારા દિલોમાં ઈસ્લામ વિશે હતી ખતમ થઈ ગઈ. ઈમામ જમાઅત અહેમદીયાનું આગમન અને મસ્જીદનું નિર્માણ એ અમારી ગભરામણ અને પરેશાનીઓને બિલકુલ ખતમ કરી નાખી.

પછી એક વકિલ Ito Hiroshi સાહેબ છે જેમણે અનેક વાર કાનૂની કાર્યવાહીમાં મદદ કરી હતી તેઓ કહે છે આ મારા જીવનનો સૌથી સારો દિવસ છે કહે છે કે ઈમામ જમાઅત અહેમદીયાની તમામ વાતો હક પર છે જ્યાં તેમણે અમન અને નરમી તરફ ધ્યાન અપાવ્યું ત્યાં તેમણે ન્યાયની વાત પણ કરી જે ખુબ સારી વાત હતી અને તેની જરૂર પણ છે.

એક યુનિવર્સીટીની વિધાર્થી હતો કહે છે કે મારૂ ખાનદાન તો બુદ્ધિસ્ટ પ્રિસ્ટનો છે ટેમ્પ્લ છે. મને ઈસ્લામમાં ખુબ દિલચસ્પી હતી મને મોકો ન મળ્યો કે કોઈ મુસ્લીમ સાથે વાત કરી શકું. પુસ્તકોમાંથી જે મળ્યું, શિખ્યો અને વાંચ્યુ અને આ પ્રોગ્રામમાં સામેલ થઈને અને ઈમામ જમાઅત અહેમદીયાની વાતો સાંભળીને મને ઈસ્લામની અસલ તસ્વીર જોવા મળી અને એક નવો ભાગ મારા પર ખુલ્યો છે.

એક સ્ત્રી Yuki Sngisaki સાહેબા કહે છે કે આ પુર વકાર પ્રોગ્રામમાં આમંત્રણ આપવાથી દિલની ગહેરાઈથી આભાર વ્યકત કરૂ છું. આ શહેરમાં એટલી શાનદાર મસ્જીદ બનવુ અમારા માટે પણ ખુબ ખુશીની વાત છે. હું એક યુનિવર્સીટીની વિધાર્થીની છું અને અનેક ધર્મો પર સત્યની ખોજ કરૂ છું આ પ્રોગ્રામમાં સામેલ થયા પછી મને અહેસાસ થયો છે કે અમારો ઈસ્લામ વિશે જ્ઞાન ખૂબ ઓછુ છે જેના કારણે ખોટી ધારણામાં પરોવેલા છીએ. ઈમામ જમાઅત અહેમદીયાના ભાષણની આ યુગને જરૂરત છે. મે આ ભાષણથી ઈસ્લામ વિશે ઘણું બધુ શિખ્યુ છે. અમે જાપાની લોકો ઈસ્લામ વિશે વધારે નથી જાણતા બલ્કે ઈસ્લામથી ડરીએ છીએ પરંતુ આજે ભાષણથી અમને માલુમ થયુ કે ઈસ્લામ અસલમાં શું છે. મસ્જીદના નિર્માણથી હું સમજુ છું કે આ પ્રકારના અવસર વધારે આવશે. ઈમામ જમાઅત અહેમદીયા અને તેમની જમાઅતને મળવાનો અવસર મળ્યો. પરસ્પર પ્રેમ અને અમન શાંતિ મને તેમના ચહેરા પર જોવા મળી અને તેમની સાથે મુલાકાત કરવાથી મને તેમનામાં પ્રેમ જોવા મળ્યો.

એક જાપાની મિત્ર Toya Sakurai સાહેબ કહે છે કે આજે આ પ્રોગ્રામમાં સામેલ થવાનો અને ઈમામ જમાઅત અહેમદીયાની વાતો સાંભળવાથી આ દુનિયાના અમન વિશે વિચારવાનો અવસર મળ્યો. આ અવસરને આયોજીત કરવા બદલ હું દિલથી આભાર વ્યકત કરૂ છુ. ઈમામ જમાઅત અહેમદીયાએ માત્ર શાંતિ વિશે વાત કરી અને દુનિયાને ગુપ્ત ખતરાઓથી પણ સુચિત કર્યા. જમાઅતના ખલિફાએ અમારી તે શંકાઓ દુર કરી કે મુસ્લીમ દુનિયા પર કબજો મેળવવા ચાહે છે હું વારંવાર એજ કહીશ કે આપણે તેમની સાથે મળીને અમન શાંતિ માટે કામ કરવું જોઈએ. હવે આપણું કર્તવ્ય છે કે આપણે ઈસ્લામ વિશે વાંચીએ અને સમજીએ.

તેવી જ રીતે એક જાપાની મિત્ર જે શિક્ષક છે કહે છે કે જમાઅત અહેમદીયાના લોકોએ મુશ્કેલીઓના સમયે હંમેશા આપણી મદદ કરી છે આ વાત હું પહેલા જાણતો ન હતો. અહિના લોકોથી મેં સાંભળ્યું કે અનેક વાર ભુંકપ તથા સુનામીના દિવસોમાં જમાઅત અહેમદીયાએ મદદ કરી છે. હવે હું આજ પછી મારી શાળાના બાળકોને કહી શકુ છું કે આ લોકો ખતરનાક

નથી કહે છે કે જમાઅત અહેમદીયાના ખલિફાએ ખુબ આસાનીથી ઈસ્લામ વિશે બ્યાન કર્યુ. તેમની વાતો આસાનીથી સમજાતી હતી. પછી એક મિત્ર જે પ્રોગ્રામમાં સામેલ થયો કહે છે કે આ પ્રોગ્રામમાં સામેલ થઈને અને ઈમામ જમાઅત અહેમદીયાનું ભાષણ સાંભળ્યા પછી મને માલુમ થયુ કે ઈસ્લામની બુનિયાદોથી પરિચય મેળવવાની ખુબ જરૂર છે. જાપાન એક ટાપુ છે અને અહિના લોકો પણ તેવી જ રીતે બહારની દુનિયાથી અપરિચિત છે માટે તે ઈસ્લામ વિશે આંતકવાદની તસ્વીરથી આગળ વધવાનો પ્રયત્ન નથી કરતા. મને આશા છે કે ઈમામ જમાઅત અહેમદીયાનું આગમન અને મસ્જીદના નિર્માણ આ તસ્વીરને બદલવા માટે પ્રમાણિત કારણ બનશે.

એક વિદ્યાર્થી કહે છે કે ઈમામ જમાઅત અહેમદીયાનું ભાષણ સાંભળીને ખુબ જોશીલો થઈ ગયો હતો. નિઃસંદેહ તેમના શબ્દો દિલોને બદલનાર હતા. પછી કહે છે કે ઈમામ જમાઅત અહેમદીઆએ જણાવ્યું કે આંતકવાદ ધૃણાજન્ક કાર્ય કરે છે પરંતુ ઈસ્લામની અસલ તાલીમ તો ખુબ સારી છે. તેનાથી માલુમ થાય છે કે મિડીયા જે ઈસ્લામ વિશે જણાવે છે તે હકીકતથી બિલકુલ દુર છે.

પછી હઝુર અનવર ફરમાવે છે કે અલ્લાહતઆલાના ફઝલથી મીડીયા દ્વારા પણ મસ્જીદના ઉદ્દ્ઘાટનની ખુબ ચર્ચા થઈ અને મોટા પ્રમાણમાં જાપાનીઓ સુધી ઈસ્લામનો પૈંગામ પહોચ્યો. મીડીયા સાથે મારા ચાર ઈન્ટરવ્યું થયા. ત્રણ તો અહિયાં મસ્જીદ માટે અને એક ટોકિયોમાં. હઝુર અનવરે ફરમાવ્યું મસ્જીદના ઉદ્દ્ઘાટનના અવસર પર પાંચ ટી.વી. ચેનલ અને અમુક અખબારોના પ્રતિનિધી તથા જર્નાલિસ્ટ આવ્યા હતા. હઝુરે ફરમાવ્યું કે અખબાર દ્વારા અને ઈન્ટરનેટ તથા વેબસાઈટ દ્વારા સામુહિક રીતે લગભગ આ મસ્જીદના ઉદ્દ્ઘાટના અવસર પર જે ખબરો છપાઈ તેના દ્વારા પાંચ કરોડ વીસ લાખ લોકો સુધી ઈસ્લામનો પૈંગામ પહોંચ્યો છે તો અલ્લાહતઆલાની મદદના દ્રશ્યો છે જે મસ્જીદ દ્વારા ઈસ્લામનો વાસ્તવીક પૈંગામ પહોંચાડવાના કારણે આપણને જોવા મળ્યા. હઝુર અનવરે ફરમાવ્યું ટોક્યોમાં પણ એક પ્રોગ્રામ હતો જેમા ૬૩ જાપાની મહેમાન સામેંલ થયા. જેમા એક બુદ્ધ સમુદાયના ચીફ પ્રિસ્ટ હતા. ફિહોન યુનિવર્સીટી ચાન્સલર હતા. મશહુર શાયર બિઝનેસ એડવાઈસર મિસ્ટર માર્ટીન હતા, જાપાનના બીજા મોટા અખબારના ચીફ રીપોર્ટર હતા અને બીજા ઘણા બધા લોકો સામેલ હતા.

ધી હોન યુનિવર્સીટીના ચાન્સલર કહે છે કે હું વિચાર કરતો રહ્યો કે આપ અમને શું જણાવશો પરંતુ વીસ મિનીટની અંદર આપે પાછલો ઈતિહાસ અને આગળ આવનાર હાલતો ખુબજ વિસ્તૃત રૂપમાં સમાવી દીધુ. આપે હકીકતો અને હવાલાઓથી વાત કરી. યુધ્ધના પરિણામથી સુચીત કર્યા અને યુધ્ધોથી બચવા માટે સાવધાન કર્યા. ખુબજ ટુંક સમયમાં ઈસ્લામની તાલીમ પણ બતાવી દીધી. મારા ભાષણ વિશે કહે છે કે આ આખુ ભાષણ અંગ્રેજી અને જાપાનીમાં સમગ્ર જાપાનમાં ફૈલાવવું જોઈએ.

એક મિત્ર જે બિઝનેસ એડવાઈજર છે અને શાયર પણ છે તેમણે એક પુસ્તક લખ્યું હતુ શાંતિ અને પ્રેમ વિશે. તેઓ મને મળ્યા અને કહે છે જે કંઈ મેં પુસ્તકમાં લખ્યુ હતુ આજે આપે તેના પર મહોર લગાવી દીધી.

હઝુર અનવરે ફરમાવ્યું કે અલ્લાહતઆલાના ફઝલથી મસ્જીદના ઉદ્દ્ઘાટન અને યાત્રાથી જેવુ કે ટુંકમા વર્ણન કર્યુ ખુબ સારા પરિણામ જાહેર થયા છે. અલ્લાહતઆલા જાપાનની જમાઅતને પણ તૌફિક આપે કે જે પરિચય થયો છે મસ્જીદના

કારણે તેના અધિક ફેલાવતા રહે અને જાપાનીઓને જે જમાઅત અહેમદીયાથી આશા છે તેના પર પુરા ઉતરવાની કોશિશ પણ કરે અને હઝરત મસીહ મૌઉદ (અ.સ.) ની ખ્વાહિશ પ્રમાણે ત્યાં અહેમદીયત વહેલી તકે ફેલાવવાનો પ્રયત્ન કરે.

મૌલ્વીઓની ઈર્ષા અને દ્વેષ પાકિસ્તાનમાં વારંવાર જાહેર થતી રહે છે. જમાઅતની પ્રગતિ જોઈને તેમને અદેખાઈ આવે છે પાછલા દિવસોમાં એક અત્યાચારી તથા વિનાશકારી કુકર્મ તે મૌલ્વીઓ તરફથી તથા કટરપંથીઓ તરફથી પાકિસ્તાનમાં જેહલમમાં થયો. જ્યાં અહેમદીની ચીપ બોર્ડ ફેક્ટરીને આગ લગાવી દીધી. અને તેમની કોશિશ એ હતી કે જે અહેમદી વર્કર છે અને માલિક છે તેમને પણ જીવીત બાળી મુકે પરંતુ અલ્લાહતઆલાનો ફઝલ છે કે તેઓ આમાં કામિયાબ ન થયા પરંતુ માલી નુકશાન થયુ. ઈ.સ. ૧૯૭૪માં પણ તે લોકોએ આગ લગાવી હતી. અને અહેમદીઓને નુકશાનમાં નાંખવાનો પ્રયત્ન કર્યો હતો પરંતુ આગ ચાપનારની અને અહેમદીઓને નુકશાન પહોંચડવાની કોઈ પણ ખ્વાહિશ પુરી ન થઈ અમોએ જોયુ કે તેમની અભિલાષાઓ તેમના દિલોમાંજ રહી ગઈ. અહેમદીઓને કટોરો પકડાવાનો પ્રયત્ન કરનારને અમોએ ભીખ માંગતા જોયા. આ તો અલ્લાહતઆલાનો સુલુખ જમાઅત સાથે થાય છે. આ કસોટીઓ અમારા ઈમાનને મજબુત કરે છે.

આ ચીપ બોર્ડ ફેક્ટરી જે હતી જે હઝરત સાહેબઝાદા મિર્ઝા બસીર અહેમદ સાહેબના પુત્ર મિર્ઝા મુનીર અહેમદ સાહેબની હતી અને તેમના અવસાન પછી તેમની ઔલાદ તેના માલિક હતા. મને આ વાતની ખુશી છે કે જે રીતે આવા નુકશાનો પર એક મોમિનનો ઈઝહાર હોવો જોઈએ તે ઈઝહાર તે લોકોએ કર્યો અને શુકરના શબ્દો જ તેમના મોઢાથી નીકળતા રહ્યા. અલ્લાહતઆલાએ અહેમદી કર્મચારીઓના જાનમાલની રક્ષા કરી તથા લોકોને બચાવ્યા અને ઈજ્જત પણ રાખી.

મિર્ઝા નસીર અહેમદ તારીક જે મિર્ઝા મુનીર અહેમદ સાહેબનો મોટો પુત્ર છે. આ ફેક્ટરીના પ્રબંધક છે અને ફેક્ટરીની અંદર જ રહેતા હતા. તેમનો પુત્ર પણ જે ફેક્ટરીમાં કામ કરે છે તેમનું ઘર પણ ફેક્ટરીમાં જ છે તમામને અલ્લાહતઆલાએ સુરક્ષિત રાખ્યા ઘણા બધા અહેમદી કર્મચારીઓ આમ તેમ જંગલમાં છુપતા રહ્યા તેમને પણ શોધીને ખુદ્દામએ સુરક્ષિત સ્થાને પહોંચાડ્યા. કમર અહેમદ જે ગેટ સિક્યોરીટીના ઈન્ચાર્જ હતા તેમને પોલીસે ગિરફતાર કરી લીધા તેઓ જેલમાં છે તેમના પર તૌહિને કુરઆનની કલમ લગાવી છે અલ્લાહતઆલા તેમની રિહાઈનું જરીયો બનાવે.

મિર્ઝા નસીર અહેમદ સાહેબની પત્ની તથા પુત્રવધુ અને તેમના પુત્રોએ પણ જે સબર અને શુકરનો ઈઝહાર કર્યો તે પણ આદરપાત્ર છે. આ વખતે અમુક ગૈર જમાઅત લોકોમાં પણ આ પરિવર્તન જોવા મળ્યું છે કે આ જુલ્મ સામે અવાજ ઉઠાવી છે અને ટી.વી. પ્રોગ્રામ થયો જેમાં ત્યાનાં ડી.પી.ઓ. અને રાજકારણીઓએ આ વાતનો ઈઝહાર કર્યો છે કે ન્યાય કરીશું અને ગુનેગારોને પકડીશું. પ્રોગ્રામ કરનારે પણ આ જુલ્મ વિરૂધ્ધ ખુલ્લી વાત કરી તેવી જ રીતે આ ફેક્ટરીને આગ લગાવ્યા પછી તેમણે આપણી બે નાની જમાઅતો કાલાગુજરા અને મહેમુદાની મસ્જીદો પર હુમલા કર્યા. મૌલ્વીઓએ મસ્જીદનો સામાન બહાર કાઢીને તેમાં આગ ચાંપી દીધી પછી મસ્જીદ પર કબ્જો કરી લીધો. પોલીસે તેઓને બહાર કાઢીને તાળું મારી દીધું છે. અલ્લાહતઆલા ત્યાનાં અહેમદીને સુરક્ષિત રાખે અલ્લાહ કરે કે પાકિસ્તાનમાં પણ ન્યાય કાયમ થાય અને ફેક્ટરીનાં મજૂરોને પણ જે ત્યાં કામ કરતા હતા અને હવે તેમનો રોજગાર ખતમ થઈ ગયો છે અલ્લાહતઆલા તેમના રોજગારના સારા સાધનો પૈદા કરે આમીન...

**BOOK POST (PRINTED MATTER)**